For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## શહેરમાં પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખૂલી । નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણસમા પાણી ભરાયા, વાહનચાલકોને ભારે હાલાકી

# શહેરમાં અઢી કલાકમાં અઢી ઈંચ વરસાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ભાદરવા માસના પ્રારંભ સાથે જ વડોદરા શહેર સહિત જિલ્લામાં વરસાદી માહોલ ફરી જામ્યો છે. સતત બીજા દિવસે મેઘમહેર યથાવત્ રહેતા ચોમાસું ફરી એકવાર સક્રિય થયું છે. જિલ્લામાં ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમી ધારે વરસાદ નોંધાયો હતો. શહેરમાં વહેલી સવારે સાડા પાંચ વાગ્યાથી વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. માત્ર અઢી કલાકમાં 2.57 ઈંચ (65 મીમી) વરસાદ ખાબકતાં શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યું હતું. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણસમા પાણી ભરાતા જનજીવન ખોરવાઈ ગયું હતું. માંડવી, પાણીગેટ, વાઘોડિયા રોડ, રાવપુરા, ચાર દરવાજા વિસ્તાર, આજવા રોડ, હરણી અને સમા સહિતના વિસ્તારોમાં માર્ગો પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સવારના સમયે કામ-ધંધે જવા નીકળેલા નગરજનો પાણીમાંથી વાહનો પસાર કરવા મજબૂર બન્યા હતા. અનેક સ્થળોએ વાહનો પાણીમાં બંધ પડી જતાં ચાલકોએ ધક્કા મારીને બહાર કાઢવાની નોબત આવી હતી. સ્માર્ટ સિટીની વાતો વચ્ચે શહેરમાં વરસાદી પાણી ભરાવાની વર્ષો જૂની સમસ્યા હજુ પણ યથાવત્ રહેતા તંત્રની પ્રિ-મોન્સુન કામગીરી સામે ફરી સવાલો ઉભા થયા છે. યોગ્ય આયોજન અને કાયમી ઉકેલના અભાવે દર વર્ષે ચોમાસામાં આ સ્થિતિ સર્જાય છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરનું મહત્તમ તાપમાન 27.8 ડિગ્રી અને લઘુત્તમ 25.4 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે 97% અને સાંજે 94% રહેતા લોકોએ અસહ્ય બફારાનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગે તા.15મી એ ગાજવીજ સાથે 30-40 કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. તા.16 અને 17મી એ વાદળછાયું વાતાવરણ અને હળવો વરસાદ રહેશે, જ્યારે તા.18 થી 20 સુધી અંશત વાદળછાયા વચ્ચે હળવા વરસાદની શક્યતા છે. સ્થાનિક નાગરિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "સ્માર્ટ સિટી"ના નામે માત્ર પ્રજા પાસેથી ટેક્સ વસૂલવામાં આવે છે, પરંતુ સુવિધાઓના નામે તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. સવારથી શરૂ થયેલા વરસાદથી એક તરફ લોકો ગરમીમાંથી રાહત મેળવી રહ્યા છે, તો બીજી તરફ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રોડ પૂરીને કરવામાં આવેલી કામગીરીની પોલ છતી થઈ ગઈ છે.

### જિલ્લામાં કુલ 38.88 મીમી વરસાદ નોંધાયો

| | |
|---|---|
| 1.સાવલી | 19 મીમી/સિઝન 373 મીમી |
| 2.વડોદરા | 65 મીમી/સિઝન 639 મીમી |
| 3.વાઘોડિયા | 6 મીમી/સિઝન 408 મીમી |
| 4.ડભોઇ | 13 મીમી/સિઝન 664 મીમી |
| 5.પાદરા | 51 મીમી/સિઝન 610 મીમી |
| 6.કરજણ | 104 મીમી/સિઝન 614 મીમી |
| 7.શિનોર | 34 મીમી/સિઝન 874 મીમી |
| 8.ડેસર | 19 મીમી/સિઝન 557 મીમી |

### સાંજે 7 વાગ્યા સુધીમાં પાણીની સપાટી

| | |
|---|---|
| 1.આજવા ડેમ | 209.75 ફૂટ |
| 2.અકોટા બ્રિજ | 8.43 ફૂટ |
| 3.આસોજ ફીડર | 1.05 ફૂટ |
| 4.કાલા ઘોડા | 6.36 ફૂટ |
| 5.મંગલ પાંડે બ્રિજ | 5.63 ફૂટ |
| 6.મુજમહુડા બ્રિજ | 6.68 ફૂટ |
| 7.પ્રતાપપુરા ડેમ | 226.07 ફૂટ |
| 8.સમા હરણી બ્રિજ | 5.26 ફૂટ |
| 9.વડસર બ્રિજ | 4.87 ફૂટ |

## મુક્તાનંદ સર્કલ પાસે ડામરના પોપડા ઉખડતા ઠેરઠેર ખાડા । રાવપુરામાં વેપારીઓએ પાણી ઊલેચ્યુ






## વાડીમાં તંત્રની બેદરકારીને કારણે ગણેશ પંડાલ જળમગ્ન



વડોદરા શહેરમાં વરસેલા ધોધમાર વરસાદે વાડી વિસ્તારના ગણેશ ભક્તોની લાગણી દુભાવી છે. વાડી વિસ્તારમાં તૈયાર કરાયેલા ગણેશ પંડાલમાં વરસાદી પાણી ઘૂસી જતા પંડાલને નુકશાન થયું છે અને ગણેશ સ્થાપનાની વિધિ અટકી પડી છે.વરસાદને કારણે પંડાલ સુધી ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. સ્થાનિક ભક્તોએ જણાવ્યું હતું કે, અમારે હવે ગણેશ સ્થાપના કેવી રીતે કરવી? પાણીમાંથી ગણેશજીની મૂર્તિ લાવવી કેવી રીતે? પાણી ભરાવાને કારણે પંડાલનું ડેકોરેશન અને તૈયારીઓને પણ નુકસાન થયું છે. ભક્તોએ જણાવ્યું કે જ્યાં સુધી પાણીનો નિકાલ નહીં થાય ત્યાં સુધી સ્થાપના વિધિ થઈ શકશે નહીં. જો સાંજ સુધીમાં પાણીનો નિકાલ થશે તો જ સ્થાપના કરવામાં આવશે. દર વર્ષે આ જ સમસ્યા સર્જાતી હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા પાણીના નિકાલની કોઈ કાયમી વ્યવસ્થા ન કરાતા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ સામે ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## બેદરકારીની હદ ! જાસપુરમાં રસ્તા પર ચાલતા દાદી-પૌત્રી અચાનક ખાડામાં ખાબકી

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના જાસપુર ચોકડી પાસે કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી સામે આવી છે. રસ્તા પર ચાલી રહેલી દાદી અને પૌત્રી અચાનક જમીન ધસી જતા ખાડામાં ખાબકી પડતા ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.મળતી માહિતી મુજબ, જાસપુર ચોકડી પાસે ગટર લાઇનનું કામ ચાલી રહ્યું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા કામ પૂર્ણ થયા બાદ યોગ્ય પુરાણ કર્યા વગર માત્ર ઉપર ઉપરથી માટી નાખી દેવામાં આવી હતી. ચોમાસાના વરસાદમાં માટી બેસી જતા ત્યાં મોતનો ખાડો સર્જાયો હતો. દાદી અને પૌત્રી ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક જમીન ધસી પડતા બંને ગટરના ખાડામાં ગરકાવ થઈ ગયા હતા. દાદી-પૌત્રીને ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના સ્થાનિકો દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ બંનેને ખાડામાંથી બહાર કાઢી બચાવી લેવાયા હતા. આ ઘટના બાદ સ્થાનિકોમાં તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખુલ્લો ખાડો અનેક લોકો માટે જોખમી બન્યો હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક સમારકામ કરવાની માંગ ઉઠી છે.



## દુકાનો મકાનો બહાર પાણી ભરાતા પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ઉઘાડી પડી

વડોદરા શહેરમાં આજે વહેલી સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા વાતાવરણમાં પલટો આવ્યો હતો. સવારે 5 વાગ્યાથી શરૂ થયેલો વરસાદ સતત અઢી કલાકથી વધુ સમય સુધી ધોધમાર વરસતા શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા.ભારે વરસાદને કારણે શહેરના જુદાજુદા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. શહેરના અકોટા ગાર્ડન સર્કલ, અકોટા સ્ટેડિયમ રોડ અને આસપાસની સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શહેરના કારેલીબાગ, ફતેગંજ, માંજલપુર, ગોત્રી, હરણી, પરશુરામ ભઠ્ઠા, વાઘોડિયા રોડ, આજવા રોડ , હરણી સહિતના નીચાણવાળા વિસ્તારોમાં મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેના કારણે સવારે નોકરી સહિતના કામો અર્થે જતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક જગ્યાએ વાહનો બંધ પડી જતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. વહેલી સવારે જ વરસેલા ભારે વરસાદને કારણે શહેરના જનજીવન પર સીધી અસર પડી હતી. માત્ર અઢી કલાકના વરસાદમાં શહેરની ડ્રેનેજ વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી ગઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં દુકાનો અને ઘરોમાં પાણી ઘૂસી જતા વેપારીઓ અને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.



## સ્માર્ટ સિટીના નામે ટેક્સ વસૂલતા પાલિકા તંત્ર સામે વાહનચાલકોમાં ભારે આક્રોશ

સંસ્કારી નગરી વડોદરામાં સોમવારે સવારથી શરૂ થયેલા ધોધમાર વરસાદે સ્થાનિક રહીશો અને વાહનચાલકોની મુશ્કેલીઓમાં ભારે વધારો કર્યો છે. શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના અહેવાલો સાંપડ્યા છે, જ્યારે બીજી તરફ મધ્યસ્થ અને મુખ્ય માર્ગો પર તંત્ર દ્વારા તાજેતરમાં જ કરવામાં આવેલી પ્રિ-મોન્સૂન કામગીરી અને રોડ રિપેરિંગની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે.વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ મહાનગરપાલિકા દ્વારા રોડ પર લગાવવામાં આવેલા ડામરના પોપડા ઉખડી જતાં રસ્તાઓ ધોવાઈ ગયા છે. ખાસ કરીને વડોદરાના જાણીતા મુક્તાનંદ સર્કલ પાસે વરસાદના કારણે રસ્તો બિસ્માર બની ગયો છે અને ત્યાં મોટા-મોટા ખાડા પડી ગયા છે. ઉલ્લેખનીય છે કે, આ ચોમાસા પહેલા જ પાલિકા તંત્ર દ્વારા મુક્તાનંદ સર્કલ નજીકના આ રસ્તા પર નવો ડામર પાથરીને કામચલાઉ રિપેરિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ માત્ર ૨ ઇંચ કે અડધો કલાક જેટલા ટૂંકા ગાળાના વરસાદમાં જ ડામરનું સ્તર ઉખડીને અલગ થઈ જતાં રોડ પર ભયાનક ખાડાઓનું સામ્રાજ્ય સર્જાયું છે.સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા અનુસાર, મુક્તાનંદ સર્કલ જેવા વ્યસ્ત વિસ્તારમાંથી પસાર થતી વખતે વાહનોની બ્રેક મારી-મારીને ચલાવવાની ફરજ પડી રહી છે.

## અલકાપુરીમાં ફરી જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ, રેલવે ગરનાળામાં પાણી ભરાયા

વડોદરા શહેરમાં પડેલા ભારે વરસાદે ફરી એકવાર તંત્રની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખોલી છે. શહેરના અતિપોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદી પાણી ભરાઈ જતા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.મળતી માહિતી મુજબ, અલકાપુરી વિસ્તારમાં આવેલી કોનકોર્ડ બિલ્ડીંગ પાસેના મુખ્ય માર્ગ પર અને આસપાસની સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. સતત વરસતા વરસાદને કારણે પાણીનો નિકાલ ન થતા રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હતા. બીજી તરફ, અલકાપુરી રેલવે સ્ટેશનના ગરનાળામાં પણ વરસાદી પાણી ભરાઈ જતા આ માર્ગ પરથી પસાર થતા અનેક વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. ટુ-વ્હીલર ચાલકોના વાહનો પાણીમાં બંધ પડી જતા તેઓએ પાણીમાંથી ધક્કો મારીને વાહનો બહાર કાઢવા પડ્યા હતા૦.



## સામાન્ય વરસાદમાં અટલાદરા બેટમાં ફેરવાયું, પાલિકા તંત્ર સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ

ચોમાસાની શરુઆતમાં જ પડેલા સામાન્ય વરસાદે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા પ્રી-મોન્સૂન કામગીરીના તમામ દાવાઓની પોલ ખોલી નાખી છે. શહેરના વિકાસશીલ ગણાતા અટલાદરા વિસ્તારમાં મેન રોડ પર જ જળબંબાકારની સ્થિતિ સર્જાતા તંત્રની કામગીરી સામે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. કાગળ પર દર્શાવાયેલી કામગીરી અને જમીની હકીકત વચ્ચે મોટો તફાવત હોવાનું આ પહેલા જ વરસાદમાં સાબિત થઈ ગયું છે.વિશેષ કરીને અટલાદરા પોલીસ સ્ટેશન રોડ પર વરસાદી પાણીનો નિકાલ ન થતાં મુખ્ય માર્ગે બેટનું રૂપ ધારણ કરી લીધું હતું. ગોઠણસમા ભરાયેલા પાણીના કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક વાહનો પાણીમાં બંધ પડી જતાં લોકો રસ્તા વચ્ચે અટવાયા હતા.



## વડોદરામાં નવરાત્રીની તૈયારીઓ પર વરસાદી સંકટ: ખેલૈયાઓ અને આયોજકોમાં ચિંતા

સંસ્કારી નગરી વડોદરામાં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી વચ્ચે માં શક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રી મહોત્સવ માટેની તૈયારીઓ પણ પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવનું ભવ્યથી ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. પરંતુ, વહેલી સવારે મેઘરાજાએ બોલાવેલી ધબધબાટીને કારણે નવરાત્રીના આયોજકો માટે મોટું વિઘ્ન ઊભું થયું છે. ભારે વરસાદના કારણે વડોદરા શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તેની સીધી અસર નવરાત્રીના આયોજનો પર પણ જોવા મળી છે. આયોજકો દ્વારા ગરબા રમાડવા માટે જે ગ્રાઉન્ડો તૈયાર કરવામાં આવી રહ્યા હતા, તેમાં વરસાદી પાણી ભરાઈ જતાં સમગ્ર ગ્રાઉન્ડો તળાવમાં ફેરવાઈ ગયા છે.



---

૧૬ કલાક ડ્યુટી છતાં ઓવરટાઇમમાં કાપ મૂકાયો હોવાના આક્ષેપ

# PM ઈ-બસના ડ્રાઈવરોનો પગાર-અન્યાયી નીતિના પગલે પાલિકા ખાતે હલ્લાબોલ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેર માં શરૂ કરવામાં આવેલી પીએમ ઈ-બસ સેવામાં કોન્ટ્રાક્ટ ધોરણે સેવા આપતા ડ્રાઈવરો દ્વારા પગાર અને અન્યાયી નીતિઓ સામે મોરચો માંડવામાં આવ્યો છે. સમયસર સંતોષકારક વેતન ન મળવું, મિનિમમ વેતન નિયમ મુજબ ન હોવું, ઓવરટાઈમના નાણાંમાં ગેરરીતિ તેમજ અન્ય સેવાકીય હક્કોથી વંચિત રાખવામાં આવતા રોષે ભરાયેલા ૩૦ થી ૩૫ જેટલા ડ્રાઈવરો વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. આ અંગે રજૂઆત કરતા ડ્રાઈવર નિકુંજ પટેલે જણાવ્યું હતું કે, ડેપો ખાતે અવારનવાર અધિકારીઓ બદલાતા રહે છે અને દરેક અધિકારી માત્ર આશ્વાસન આપીને જતા રહે છે, પરંતુ સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. ડ્રાઈવરોને આઠ કલાકની ડ્યુટી માટે માત્ર ૫૩૪ જેવું અપર્યાપ્ત વેતન આપવામાં આવે છે, જે વર્તમાન મોંઘવારી અને તેમની કુશળતા મુજબ ખૂબ જ ઓછું છે.

આ ઉપરાંત, જ્યારે ડ્રાઈવરો વધારાના ૮ કલાક એટલે કે કુલ ૧૬ કલાક સુધી ફરજ બજાવે છે, ત્યારે સરકારી નિયમ મુજબ ઓવરટાઈમનું બમણું વળતર ચૂકવવાને બદલે તેમાં પણ અન્યાય કરવામાં આવી રહ્યો છે. બીજા ડ્રાઈવર સિંધી અબ્દુલ કાદીરે વિ ગતો આપતા જણાવ્યું કે, કર્મચારીઓને અપાતી પગાર સ્લીપમાં બેઝિક પગારની સાચી વિગતો દર્શાવવામાં આવતી નથી. નિયુક્તિપત્ર અને અન્ય જરૂરી દસ્તાવેજો પણ હજુ સુધી પ્રોવાઈડ કરવામાં આવ્યા નથી.



ગણેશ ઉત્સવના ફાળાને મંડળના આયોજકોની દાદાગીરી

# રૂ.21 હજાર ન આપતાં વેપારી અને પુત્ર પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરામાં ગણેશોત્સવના ફાળાની ઉઘરાણી દરમિયાન દાદાગીરીનો વધુ એક આક્ષેપ સામે આવ્યો છે. ચોખંડી વાડી વિસ્તારમાં રાજસ્થાન કુલ્ફીની દુકાન ચલાવતા વેપારી પાસે ગણેશોત્સવના ફાળા પેટે રૂ.21 હજારની માંગણી કરવામાં આવી હતી. વેપારીએ આટલો ફાળો આપવાનો ઈનકાર કરતાં 'દુકાન કેવી રીતે ચલાવે છે તે જોઈ લઈશ' કહી ધમકી અપાઈ હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. ત્યારબાદ વહેલી સવારે ફરીથી ફાળાની વાતને લઈને વેપારી અને તેના પુત્ર સાથે મારામારી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ચોખંડી વાડી વિસ્તારમાં રાજસ્થાન કુલ્ફીની દુકાન ચલાવતા 50 વર્ષીય વેપારી બીજેન્દ્રસિંહ વાઘેલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, આશરે ચાર-પાંચ દિવસ અગાઉ હિતેષ પટણી નામનો વ્યક્તિ તેમની દુકાને આવ્યો હતો અને



ગણપતિના ફાળા પેટે રૂ.21 હજારની માંગણી કરી હતી. વેપારીએ આટલી રકમ આપી શકાશે નહીં તેમ કહેતાં હિતેષ પટણીએ 'તું દુકાન કેમ ચલાવે છે તે હું જોઈ લઈશ' કહીને જતો રહ્યો હતો. તા.13 સપ્ટેમ્બરની વહેલી સવારે આશરે ત્રણ વાગ્યે હિતેષ પટણી અને શૈલેષ પટણી ચોખંડીમાં વેપારીની દુકાન આગળ આવેલી ચાઈનીઝની લારી પર આવ્યા હતા. બંનેએ ફરી ગણપતિનો ફાળો કેમ આપ્યો નથી તેમ કહીને બોલાચાલી શરૂ કરી હતી. વેપારીના પુત્ર મહેશે આટલો બધો ફાળો કેમ માંગો છો તેમ પૂછતાં તેને ધક્કો મારી ઝપાઝપી શરૂ કરી હતી.

સુરત ફૂડ પોઈઝનિંગ ઘટના બાદ વડોદરા મનપાનું ફૂડ વિભાગ એલર્ટ

# સમરસ હોસ્ટેલ અને MS યુનિવર્સિટીના રસોડામાં તપાસ હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સુરતની ગર્લ્સ હોસ્ટેલમાં દૂષિત ખોરાકના કારણે બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના બાદ સમગ્ર રાજ્યનું તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. આ ઘટનામાંથી સબક લઈને વડોદરા મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા પણ શહેરની વિવિધ હોસ્ટેલો અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવતા ભોજનની ગુણવત્તા તપાસવા માટે વ્યાપક ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરી અંતર્ગત ફૂડ વિભાગની ટીમે શહેરની જાણીતી સમરસ હોસ્ટેલ તેમજ એમ.એસ. યુનિવર્સિટીના હોમ સાયન્સ (HM) હોલ ખાતે અચાનક દરોડા પાડીને ભોજન અને રસોડાની સમગ્ર વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ તપાસ દરમિયાન અધિકારીઓ દ્વારા ખોરાકની



ગુણવત્તા, રસોડામાં રાખવામાં આવતી સ્વચ્છતા, અનાજ અને શાકભાજીની સંગ્રહ ક્ષમતા તેમજ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટના નિયમોનું પાલન થાય છે કે નહીં તે તમામ પાસાઓની ગહન ચકાસણી કરવામાં આવી હતી. તપાસના અંતે સમરસ હોસ્ટેલ ખાતે નિયમિત પ્રક્રિયાના ભાગરૂપે અને ખોરાકની સુરક્ષા વધુ મજબૂત કરવાના હેતુથી ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ 'શિડ્યુલ-૪'ની નોટિસ આપવામાં આવી છે. આ નોટિસના માધ્યમથી હોસ્ટેલ સંચાલકોને રસોડાની સ્વચ્છતા અને ભોજન બનાવવાની પ્રક્રિયામાં જરૂરી સુધારા-વધારા તાત્કાલિક અસરથી પૂર્ણ કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે. આ કામગીરી અંગે માહિતી આપતા વડોદરા મહાનગરપાલિકાના ફૂડ ઓફિસર પ્રશાંત ભાવસારે જણાવ્યું હતું કે, સુરતની ઘટનાને ધ્યાન પર રાખીને આ કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસ દરમિયાન રાહતની વાત એ સામે આવી છે કે વડોદરાની આ હોસ્ટેલોના રસોડામાંથી કોઈ મોટી કે ગંભીર પ્રકારની ક્ષતિ કે બેદરકારી મળી આવી નથી. જોકે, વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે કોઈ પણ જાતનું જોખમ ન લેવાય તે માટે તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ શહેરની અન્ય હોસ્ટેલો અને કેન્ટીનોમાં આ પ્રકારનું સરપ્રાઈઝ ચેકિંગ સતત ચાલુ રાખવામાં આવશે.